વર્ગ-૩ના કરાર આધારે ફીક્સ પગારના કર્મચારીઓની પ્રવરતા નક્કી કરવા તથા પ્રવરતા યાદી પ્રસિધ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહિવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: સીએનઆર/૧૦૨૦૧૭/૨૫૪૫૦૨/ગ.૫
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૧/૨૦૧૮

**વંચાણે લીધા:-**

(૧) નાણા વિભાગનોતા.૧૬.૦૨.૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/ઝ-૧
(૨) સા.વ.વિનો તા.૨૨.૦૧.૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: એસએનઆર/૧૦૨૦૦૮/ ૪૮૭૪૩૧/ગ.૫
(૩) સા.વ.વિ.નો તા.૩૦.૦૧.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:- એસએનઆર/૧૦૨૦૦૮/ ૪૮૭૪૩૧/ગ.૫
(૪) સા.વ.વિ.નો તા.૩૦.૦૧.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:- એસએનઆર/૧૦૨૦૦૮/ ૪૮૭૪૩૧(૧)/ગ.૫
(૫) નાણા વિભાગના તા.૨૦.૧૦.૨૦૧૫અને તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:- ખરચ/ ૨૦૦૨/૫૭ (પાર્ટ-૨)/ઝ-૧
(૬) સા.વ.વિ.નો ત.૨૩/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:-સીઆરઆર/૧૧/૩૧૨૯૧૧/ગ.૫
(૭) નાણા વિભાગનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૩)/ઝ.૧
(૮) નાણા વિભાગનો તા.૧૮.૦૧.૨૦૧૭નો ઠરાવક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૩)/ઝ.૧

**ઠરાવ :-**

સંદર્ભ(૧)માં વંચાણે લીધેલ નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગની જગ્યાઓ ઉપર પાંચ વર્ષના કરાર આધારે અને ફીક્સ પગારથી નિમણૂંક આપવાની નીતિ અમલમાં છે. વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) થી (૪) ના તા.૨૨/૦૧/૨૦૦૯ તથા તા.૩૦/૦૧/૨૦૧૪ના ઠરાવોથી પ્રવરતા યાદી તૈયાર કરવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે. રાજ્ય સરકારની કરાર આધારિત અને ફીક્સ પગારની નીતિ અન્વયે નિમણૂંક મેળવતા કર્મચારીઓ માટે સા.વ.વિના

તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી કરારની શરતો અને બોલીઓ મુજબ કરારીય સમય દરમ્યાન ૧૨ પરચૂરણ રજા સિવાય અન્ય કોઇ રજા મળવાપાત્ર નથી. આવા કર્મચારીઓની  કરારીય મુદત પુરી થયેથી જે તે સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક મેળવે તે તારીખથી પ્રવરતા મળવાપાત્ર થાય છે. ત્યાર બાદ વંચાણે લીધેલા ક્રમાંક(૭) ના નાણા વિભાગના તા.૨૮/03/૨૦૧૬ના ઠરાવથી કરારની શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવી છે. વંચાણે લીધેલ ક્રમાંક(૮)ના નાણા વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવથી કરાર આધારે અને  ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર કર્મચારીઓની કરારીય સમયગાળાની સેવાઓને બઢતી અને પ્રવરતાના હેતુ માટે ધ્યાને લેવાની સૂચનાઓ પ્રસિધ્ધ થયેલ છે. આ બાબતને લક્ષમાં લેતા કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર કર્મચારીઓના કિસ્સામાં વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૪)ના ઠરાવોને લક્ષમાં લઈ પ્રવરતામાં સ્થાન આપવા બાબતે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર કર્મચારી કરારીય સેવામાં જોડાય તે તારીખ અને સા.વ.વિના તા ૨૨/૧/૨૦૦૯ના ઠરાવના ફકરા-૧૦,૧૧ અને ૨૨ની સૂચનાઓ લક્ષમાં લઇ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ મેરીટના ક્રમ અનુસાર પ્રવરતા યાદીમાં ગોઠવવાના રહેશે

(૨) આવા કર્મચારીઓ જ્યાં સુધી કરારીય સમયગાળા ઉપર ફરજ બજાવતા હોય ત્યાં સુધી કામચલાઉ  પ્રવરતા યાદીના રીમાર્ક્સ કોલમમાં “કરારીય સમયગાળા ઉપર ફરજ બજાવે છે" તેમ દર્શાવવાનું રહેશે.

(૩) કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂંક મેળવનાર કર્મચારી કરારીય સેવામાં જોડાય તે તારીખ અને સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ મેરીટના ક્રમ અનુસાર પ્રવરતા ગોઠવવાની આ સૂચનાઓ પ્રસિધ્ધ થયા પહેલાં જે કર્મચારીઓની પ્રવરતા કરારીય સમયગાળા બાદની નિયમિત નિમણૂંકની તારીખને લક્ષમાં લઈ ગોઠવવામાં આવી હોય, તેવા કિસ્સામાં ઉપરના મુદ્દા નં (૧) મુજબ નવેસરથી પ્રવરતામાં સ્થાન આપવાનું રહેશે અને તે મુજબ પ્રવરતા યાદી  તૈયાર કરવાની રહેશે

કરાર આધારે ફીક્સ પગારે ફરજ બજાવતા કર્મચારીઓની પ્રવરતા નક્કી કરતી વખતે ઉપરોક્ત સૂચનાઓ તથા સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૧/૨૦૦૯ તથા તા.30/૧/૨૦૧૪ના ઠરાવોથી નક્કી કરાયેલ પ્રવરતા યાદીની સૂચનાઓ પણ લક્ષમાં લેવાની રહેશે.

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ની ફીક્સ પગારની નીતિ અન્વયે અને સને ૨૦૧૨ અથવા તે પહેલાની બેચમાં નિમણૂંક મેળવેલ હોય અને જેઓનો કરારીય

સમયગાળો પુર્ણ થયો હોય / થવાનો હોય તેવા કર્મચારીઓની પ્રવરતા ઉક્ત સિધ્ધાંત મુજબ નક્કી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડૉ. કે. એન. ત્રિવેદી)
ઉપસચિવ (ભરતી નિયમ)
સામાન્ય વહિવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તાકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો

  ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.

- વેબ માસ્ટર,

  સરકારની વેબસાઇટ / જી.આર.બુકમાં મુકવાની વિનંતી સાથે.

- વિભાગના તમામ અધિકારીઓ/શાખાઓ.
- પસંદગી ફાઇલ ગ.૫-શાખા

---

- પત્ર દ્વારા